# સેવા એ જ સિદ્ધિ





**ભારતમાં** ભગવાં વસ્ત્રનો મહિમા ભવ્ય છે. સદીઓથી આપણા દેશની સંસ્કૃતિમાં ભગવાં વસ્ત્ર પ્રત્યે તપ, તેજ, આદર અને અહોભાવની દૃષ્ટિ અને ભાવ કેળવાયાં છે. આધુનિક ગણાતા આજના યુગમાં પણ મહદ્ અંશે ભગવાં વસ્ત્ર પ્રત્યે આવા ભાવ સામાન્યતઃ યથાવત્ રહ્યા છે. ભગવાં વસ્ત્ર ધારણ કરનાર વ્યક્તિ પ્રતિ એક વિશેષ ભાવનાનો અનુભવ આજે પણ સામાન્ય વ્યક્તિ અનુભવે છે.

ભગવાં વસ્ત્ર સાથે સહજ સંધાયેલી ભવ્યતાની લાગણીમાં યોગીજીમહારાજે દાસત્વભક્તિનો અનુપમ સમન્વય સાધ્યો.

“અમે ચાલીસ વર્ષ ધોકા ખાધા... તે ખમવાનો સ્વભાવ પડી ગયો છે...”

યોગીજીમહારાજના શ્રીમુખે સરેલી તેઓના હૃદયની આ વાણી તેઓના જીવનની ભાવના છતી કરનારી છે. એ ભાવના તે દાસત્વભક્તિ ! સૌનું ભલું થાય તેવી ઉત્કટ ભાવના ! અને, તેમ થવામાં સૌનું ખમતા, સૌને નમતા યોગીજીમહારાજ દેહ, મન કે સંવેદનાના ભીડાને ભક્તિ માની રાજી રહ્યા ! ભગવાંની ભવ્યતામાં દાસત્વની સુવાસના સમન્વયને જીવી બતાવ્યો !

સામાન્ય શબ્દોમાં લખેલી આ અસામાન્ય વાત છે! ખાસ તો ત્યારે જ્યારે બ્રાહ્મીસામર્થ્યની સહજ સિદ્ધિ છતાં, સંકલ્પમાત્રે સંજોગોને સાકાર કરવાની શક્તિ છતાં, ગુરુઆજ્ઞામાં, ગુરુવચને જીવ-પ્રાણીમાત્ર પ્રત્યે ભક્તિસભર શ્રીહરિ-દર્શનની દૃષ્ટિ સહજ રાખી યોગીજીમહારાજે અનાદિ અધ્યાત્મ-સાધનાને આધુનિક યુગમાં સહજ જીવવાના માર્ગ પ્રશસ્ત કર્યા. પ્રેમનીતરતી દાસત્વભક્તિ યોગીબાપાના જીવનની પ્રત્યેક પળે વહેતી રહી, અને તેના સંસ્પર્શ પ્રાપ્ત કરનાર સૌનાં જીવન પરિવર્તિત કરતી રહી !

“આપણે ક્યાં નેતા છીએ; આપણે તો સેવક છીએ ! આપણી મોટપ તો વાસણ ઊટકવામાં... એવી નાના પ્રકારની સેવામાં છે...”



યોગીબાપાની જીવનભાવના છતી કરતા આ શબ્દો અધ્યાત્મદર્શનના ગૂઢાર્થોને જીવનમાં સાકાર કરવાની ગુરુચાવી છે. 'સેવા એ જ સિદ્ધિ'-સૂત્ર નાનું જણાય છે, પરંતુ એના દર્શનનાં પરિમાણ અને આચરણનાં પરિણામ અકલ્પનીય મોટાં છે એ વાતનું હાજર-હજૂર પ્રમાણ તે યોગીબાપાનું જીવન, કાર્ય અને તેઓનું અનુપમ યુગપ્રદાન!

વીસમી સદીની બે ભારતીય વિભૂતિઓની જીવનદૃષ્ટિ, અને બે દશકના યુગકાર્યના વિરાટ માહાત્મ્યને સમજાતાં હજુ કદાચ બે શતાબ્દીઓ લાગશે. તેમાનાં એક તે સરદાર વલ્લભભાઈ પટેલ – જેમણે શતાબ્દીઓથી સંકલ્પનામાં રહેલા અખંડ ભારતને રક્તનું એક બિંદુ પણ વહેડાવ્યા વિના સાકાર કરી દીધું !

અને તેથીય વિશેષ ગુરુદેવ યોગીજીમહારાજ! ૧૯૫૧થી ૧૯૭૧ દરમિયાન કેવળ બે દાયકાઓમાં સહસ્રાબ્દીઓથી શાસ્ત્રોએ અને અધ્યાત્મદર્શીઓએ પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતોને શાસ્ત્રીજીમહારાજે પ્રવર્તાવેલી શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના માર્ગે રોજબરોજના જીવનમાં જીવવા જનસામાન્યને સુલભ બનાવી, અનેક નવપ્રસ્થાન પ્રશસ્ત કર્યાં !

આજે સૌ ગુણાતીત પ્રગટ દિવ્ય સ્વરૂપો અને સંતભગવંત સાહેબજી ગુરુદેવ યોગીજીમહારાજના એ દિવ્ય યુગકાર્યના જ્યોતિર્ધર રૂપે તેને વહેતું રાખી વિસ્તારી-પ્રસારી રહ્યા છે ! એ યુગકાર્યનું એક વિનમ્ર મહાસર્જન એટલે અનુપમ મિશન અને યોગીજીમહારાજ પ્રેરિત તેની સ્વાશ્રયી કર્મયોગી સાધના !

વૈશાખના કૃષ્ણપક્ષની આ દ્વાદશીએ ગુરુદેવ યોગીજીમહારાજની પ્રાદુર્ભાવ મંગલ તિથિપર્વે સાષ્ટાંગ પ્રણામ ગુરુદેવને, સૌ ગુણાતીત સ્વરૂપોને, સંતભગવંત સાહેબદાદાને ! ◆

